Conclusion

ઉપસંહાર

ઉપસંહાર

(પત્રો, ડાયરીઓ, અન્ય પ્રકીર્ણ કૃતિઓ)

ઠાકોરના જીવન અને સાહિત્યનાં અગત્યનાં પાસાં વિષેની મારી આલોચના અહીં પૂરી થાય છે. પહેલા પ્રકરણમાં ઠાકોરનાં જીવનને તપાસવા માટે મેં કયી પદ્ધતિ અખત્યાર કરી છે તેનો નિર્દેશ મેં મારા આવેદનમાં કર્યો છે. એ પ્રકરણ લખવા માટે મેં ઠાકોરના પત્રો અને ડાયરીઓનો યથાસંભવ ઉપયોગ કર્યો છે. એ પત્રો અને ડાયરીઓ જો વ્યવસ્થિત રૂપે સંપાદિત થઇને પ્રકાશિત થાય તો એનાથી ગુજરાતી સાહિત્યમાં એ પ્રકારના સાહિત્યમાં કીમતી ઉમેરો થઇ શકે તેમ છે. એનાથી ઠાકોરના જીવનને તથા વ્યક્તિત્વને તેના સાંગોપાંગ સ્વરૂપમાં વીગતે ઓળખવાની વિપુલ સામગ્રી ઉપલબ્ધ થઇ શકે તેમ છે. ડાયરીઓમાંથી ઠાકોરના જીવનની, તેમની ઝીણીમોટી લાક્ષણિકતાઓની, તેમની સાહિત્યિક પ્રવૃત્તિઓ અને યોજનાઓની, તેમનાં કુટુંબીજનો અને ઇતર સંબંધીઓની, એમની સાથેના તેમના સંબંધોની, ગુજરાતી સાહિત્યના ઇતિહાસના લેખનમાં કામ લાગે તેવાં પ્રસંગવિશેષાદિરૂપ સાધનો વિષેની, ગુજરાતી સાહિત્યિક વ્યક્તિઓ ને કૃતિઓ પ્રત્યેનાં તેમનાં વલણોની, સમકાલીન સંસ્થાઓ વિષેની, દેશપરદેશનાં સમકાલીન રાજપ્રકરણી બનાવો ને વ્યક્તિઓ વિષેની, સમકાલીન સામાજિક તથા ધાર્મિક રૂઢિઓ પ્રથાઓ વગેરે પ્રત્યેનાં તેમ જ વિશ્વવિખ્યાત મહાનામ વ્યક્તિઓ પ્રત્યેનાં ઠાકોરનાં વલણોની ભરપૂર માહિતી મળે છે. એ ડાયરીઓમાં તેમનાં કાવ્યો, પુષ્પિકાઓ, ચિંતનાત્મક ગદ્યખંડો ("ટીપે ટીપે"ના શીર્ષક હેઠળ તેઓ લખતા હતા તે) વગેરે લખાણો પણ ઉતારાયેલાં જોવા મળે છે; તેમ જ વ્યાખ્યાનો આપવા નિમિત્તે ને અધ્યાપનકાર્ય નિમિત્તે ઇતિહાસ વગેરે વિષયોનાં તેમણે કરેલાં ટાંચણો પણ એ ડાયરીઓમાં જોવા મળે છે. ઠાકોર તેમના પત્રોમાં પણ તેમનાં અને

બીજાનાં લખાણો ને સાહિત્યિક પ્રવૃત્તિઓ વિષે, સામાજિક ને સાહિત્યિક સંસ્થાઓ અને પ્રવૃત્તિઓ વગેરે વિષે, પોતાની તેમ જ બીજાઓની વ્યક્તિગત બાબતો વિષે, રાજકારણ ધર્મ સમાજ શિક્ષણ તત્ત્વજ્ઞાન વિજ્ઞાન સાહિત્ય વગેરે વિષેનાં પોતાનાં વલણો પરત્વે, સાહિત્યિક તેમ જ અન્ય પ્રકારની જાણીતી વ્યક્તિઓ વિષેનાં પોતાનાં વલણો પરત્વે લખતા હતા. ઠાકોરના જીવન અને વ્યક્તિત્વને ઓળખવા માટે જેટલી વિપુલ અને કીમતી સામગ્રી તેમની ડાયરીઓમાંથી ઉપલબ્ધ થાય છે તેટલી અને તેવી જ સામગ્રી તેમના પત્રોમાંથી પણ ઉપલબ્ધ થઇ રહે છે.

ત્રીજા પ્રકરણમાં મેં ઠાકોરની કવિતાની ચર્ચા કરી છે. એમાં મેં તેમના અપ્રસિદ્ધ પણ નોંધપાત્ર દીર્ઘ કાવ્ય "ગુરુજી"ની આલોચના કરી છે. એ સિવાયનાં કેટલાંક જૂજ ટૂંકાં અપ્રસિદ્ધ કાવ્યોના કાચા - કેટલાક અધૂરા - મુસદ્દા મને તેમના હસ્તલેખોના સંગ્રહમાં જોવા મળ્યા હતા પરંતુ એ કાવ્યો, ઠાકોરને તેમનાં પ્રકાશિત થયેલાં કાવ્યોથી જે યશ પ્રાપ્ત થયો છે તેમાં નોંધપાત્ર વધારો કરે તેવાં નથી ; સામાન્ય કોટિનાં છે. ઠાકોરે તેમના નિધનના એક વર્ષ પૂર્વે જ સન ૧૯૫૧માં તેમનાં "ભણકાર"ની છેલ્લી આવૃત્તિ પ્રગટ કરી હતી ; એટલે, એ સંગ્રહમાંથી રહી ગયેલાં એવાં ગણતર કાવ્યો તેમને પોતાને પણ ત્યારે પ્રકાશનાર્હ નહીં લાગ્યાં હોવાનું માની શકાય તેમ છે. "પ્રેમનો દિવસ"ના ઠાકોરના કર્તૃત્વ વિષે આજે કેટલાક લોકો ખાનગીમાં શંકા ઉઠાવે છે પણ તે વિષેનાં સંગીન પ્રમાણો તેમણે હજી જાહેરમાં મૂક્યાં નથી એટલે એ શંકા કેટલી નિર્બળ છે કે સબળ છે તે કહેવું મુશ્કેલ બને છે. મેં ઉક્ત પ્રકરણમાં ઠાકોરની કાવ્યબાનીની તેમ જ "પ્રેમનો દિવસ" અને "વિરહ" વચ્ચેના વિષયવિચારાદિગત, આલેખનરીતિગત, ભાષાછંદઆદિ-વિષયક સામ્યની ચર્ચા કરીને આંતર પ્રમાણો વડે "પ્રેમનો દિવસ"માં

ઠાકોરનું કર્તૃત્વ શંકારહિત છે એમ દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. "પ્રેમનો દિવસ"નાં કેટલાંક સોનેટોના, રચનાસમયના હોય તેવા, છેકછાકવાળા મુસદ્દા પણ તેમના હસ્તલેખસંગ્રહમાં જોવા મળે છે ; તે પણ ઠાકોરના ઉક્ત કર્તૃત્વના આંશિક બાહ્ય પ્રમાણરૂપ છે.

ચોથા પ્રકરણમાં મેં ઠાકોરની કાવ્યેતર મૌલિક રચનાઓની આલોચના કરી છે. અહીં એની પૂર્તિરૂપે એકબે નોંધપાત્ર બાબતોનો ઉલ્લેખ કરીશ. ઠાકોરે "રમણી પ્રફુલ્લ" નામે એક નવલકથા લખવી શરૂ કરેલી પરંતુ એનું એક માત્ર પહેલું જ પ્રકરણ લખાયેલું ઉપલબ્ધ થયું છે. નાયિકા રમણી સાથેના નાયક પ્રફુલ્લના પ્રાથમિક પરિચયના પ્રસંગથી માંડીને તેમનું લગ્ન ગોઠવાયું તે પ્રસંગ સુધીનો ઘટનાક્રમ એ પ્રકરણમાં આલેખાયો છે. એટલા કથાપ્રવાહને પણ લેખકે પાત્રબાહુલ્ય અને પ્રસંગબાહુલ્યથી ખીચોખીચ ભરી દીધેલો છે ; એમાં એકેએક પાત્રના વ્યક્તિત્વને અને દરેક પ્રસંગની વીગતોને – એમાં કેટલાયે અંશો અના-વશ્યક લાગે તે રીતે – લેખકે સ્પષ્ટ ઉઠાવ આપવા પ્રયત્ન કર્યો છે ; છતાં લેખકને પ્રકરણાંતે "શી રીતે લગ્ન થયાં, શીશી વાનગીઓ રંધાઇ પિરસાઇ....." વગેરે વીગતોમાં ન ઉતરી શકાયાની સ્પષ્ટતા વાચકોને – જૂની નવલકથાઓની શૈલીએ – સંબોધીને કરવી પડી છે. પાત્રોને લેખકે વર્ણન તેમ જ નિરૂપણ એ બંને રીતે આલેખવાનો પ્રયત્ન કર્યો છે. પ્રકરણમાં વચ્ચે વચ્ચે ખાનદાન કુટુંબોની રીતરસમો, ક્રિકેટની રમતનું સ્વરૂપ, કોલેજિયનોમાં "જાતિનેયતા", કોલેજિયન યુવતીઓનાં વરણાગ ને મોહક નખરાં વગેરે સામાન્ય વિષયો પરના વિચારો પણ કથાદૃષ્ટિએ અનાવશ્યક લાગે તેવા વિસ્તારથી રજૂ થયા છે. રમણી અને પ્રફુલ્લ વરસાદી રાત્રિએ ટેક્સીમાં સાથે બેસીને હોસ્ટેલે પહોંચે છે તે રોમાંચક પ્રસંગને લેખકે મનોવૈજ્ઞાનિક પધ્ધતિએ

નિરૂપવાનો પ્રયત્ન કર્યો છે; પણ ત્યાં ય લેખકે કામોદ્દીપનની ઋતુ કયી તેની મીમાંસા કરવાનું, શાકુંતલમાં કામોદ્દીપનની ઋતુ તરીકે ગ્રીષ્મ ઋતુનું આલેખન થયું હોવા વિષેનું પોતાનું પાંડિત્ય દર્શાવવાનું છોડ્યું નથી. એકંદરે જોતાં, કથામાંના ઘટનાક્રમને પ્રતીતિકર બનાવે તેવાં પાત્રો અને પ્રસંગો યોજવાનો લેખકે પ્રયત્ન કર્યો છે છતાં આકારસૌષ્ઠવવાળી ને પ્રમાણભાને લખાયેલી એક સારી નવલકથાની આશા આપે તથા એક રસપ્રદ કથાવસ્તુની જિજ્ઞાસાને જગાડે તેવી રીતે એ પ્રકરણ લખાયેલું લાગતું નથી.

ઠાકોરે બે બાલવાર્તાઓ પણ લખેલી; "જંગલો અને વાંદરો" તથા "કુંવર અને કબૂતર". પહેલી વાર્તા ટૂંકાંસાદાં વાક્યો વડે સીધી પ્રવાહી ચિત્રાત્મક બાલભોગ્ય શૈલીએ લખવાનો પ્રયત્ન લેખકે કર્યો છે, પણ તેનું વાર્તાવસ્તુ બાળકોની જિજ્ઞાસાને જગાડે ને રસવૃત્તિને સંતર્પે તેવું નથી બની શક્યું; વળી એનો અંત પણ લેખકે બોધનું તારણ કાઢીને ઉભડક રીતે જ આણી દીધેલો છે. બીજી વાર્તા, વાત કહેનાર વડીલ અને વાત સાંભળનાર બાળકના રમતિયાળ સંવાદને રૂપે લખાયેલી છે; સંવાદને હળવી ટાપશીઓ, સૂચનાઓ (બાળકને તેનું "વાર્તા" શબ્દનું ઉચ્ચારણ સુધારવા માટે વડીલે કરેલી ટકોર જેવી સૂચનાઓ), હળવાં કથનલટકાં કથનટહૌકાવાળો પણ લેખકે બનાવ્યો છે. સંવાદના આરંભભાગમાં થોડું પ્રાસાત્મક ગદ્ય આવે છે, વાક્યના વ્યાકરણનિયત પદાન્વયના વ્યતિક્રમવાળું, અપદ્યાગદ્ય જેવું ગદ્ય પણ આવે છે પણ પછીની ભાષા વ્યાકરણમાન્ય વાક્યરચનાઓવાળી છતાં રસળતી બની રહે છે. એ વાર્તાને પણ લેખકે અંતમાં વડીલ પાસે બાળકને ચિત્રકામ શીખવા બાબતની સલાહ અપાવીને ઉભડક રીતે જ પૂરી કરી દીધી છે. વાર્તાનું યોગ્ય રસસંતર્પક સમાપન સાધવામાં, કથાતંતુને છેવટ લગી અવિચ્છિન્નરૂપે તથા

કલાદૃષ્ટિએ આગંતુક અને વિશ્લિષ્ટ બની જતી બાબતોનો પરિહાર કરીને યોગ્ય રીતે નિભાવવામાં લેખક પાછા પડતા લાગે છે. બાળકોના કલ્પનાપ્રદેશમાં પ્રવેશ કરીને સમૃદ્ધ કલ્પનામયી અભિનવ બાલવાર્તા સર્જવા જેટલી ઉત્કૃષ્ટ સર્જકતા લેખક એ બંને વાર્તાઓમાં દાખવી શક્યા નથી ; બીજી વાર્તાનું વસ્તુ તો સાવ Stock વસ્તુ જેવું લાગે છે. "દુલારી અને દાસી"નામની એક ત્રીજી (માત્ર પ્રારંભિક ભાગવાળી જ, અધૂરી) વાર્તા પણ ઠાકોરના હસ્તલેખસંગ્રહમાંથી મળી છે ; તેની શૈલી રમતિયાળ નહીં પણ ગંભીર છે ; તેમાં પણ લેખકે શાહવેપારીની લાડલીના ખોવાયેલા લાખેણા હારની તપાસની વાત પર સીધું ધ્યાન કેંદ્રિત કરવાને બદલે પ્રમાણિકતાના ગુણની અને કાનૂનની મીમાંસા પર ધ્યાન કેંદ્રિત કરી દીધેલું જોવા મળે છે. "કમનસીબ" નામની એક "સાંસારિક નાટિકા" પણ ઠાકોરે લખવી શરૂ કરેલી ; તેનાં બે આરંભનાં જ થોડાંક પાનાં મળી શક્યાં છે. "સરલા અને તરલા" નામક એક નાટિકા પણ ઠાકોરે લખેલી ; તેમાં બિહારીલાલનું લગ્ન તરલા સાથે થવાને બદલે સરલા સાથે ગોઠવાય છે એટલો ઘટનાતંતુ બાદ કરીને જોઇએ તો એ નાટિકા "નાટિકા" કરતાં "સંવાદ" જેવી વધારે લાગે છે કેમકે તેમાં લેખકે લગ્ન વિષેનાં દૃષ્ટિબિંદુઓની ચર્ચાનો જ પ્રધાન ઉપક્રમ રાખેલો છે. શેક્સપિયરકૃત જુલિયસ સીઝરમાંથી બ્રુટસ અને પોર્શિયાના સંવાદનો એક (પોર્શિયા એક આદર્શ પત્નીની હેસિયતથી બ્રુટસનાં દુઃખની ભાગીદાર થવા ઇચ્છે છે, તે) ભાગ ઠાકોરે "સરલા અને તરલા"માં Flashback પદ્ધતિએ ગોઠવ્યો છે. લગ્નવિષયક વિચારવલણોના આલેખનનો ઠાકોરનો ગ્રહ "સરલા અને તરલા"ની જેમ "ઉગતી જુવાની", "કમનસીબ"માં (કંઇક અંશે "ધરતી છેડો ઘરનો નેડો" નવલિકા, "નિરુત્તમા" કાવ્ય વગેરેમાં) વિનિયોજાયેલો જોવા મળે છે. આ જ પ્રકારે બીજી પણ કેટલીક સમાંતરતાઓ

ઠાકોરની કૃતિઓમાં જોવા મળે છે. "ઉગતી જુવાની"માં દોલત સ્વાશ્રયી બનવા પર ભાર મૂકે છે તો "રમણી પ્રફુલ્લ"માં પ્રફુલ્લ પણ સ્વાવલંબી રહેવાનો નિર્ધાર વ્યક્ત કરે છે. એ જ કૃતિમાંનું રમણીનું પાત્ર કેટલેક અંશે "નિરુત્તમા" કાવ્યમાંના નિરુત્તમાના પાત્રની યાદ અપાવે તેવું છે. રમણી જેમ ગરીબોની સેવા કરવામાં માને છે તેમ "સરલા અને તરલા"માં બિહારીલાલ પણ ગરીબોની સેવા કરવાની પોતાની ઇચ્છા વ્યક્ત કરે છે. ઠાકોરે અમ્બુભાઇ પુરાણી પર તેમના એક અજ્ઞાત તારીખવાળા પત્રમાં પણ આપણી ઉજળિયાત વસ્તીએ કરોડો નિમ્નકોટિક ગરીબદુ:ખિયાંઓની સારસંભાળ લેવા બાબતના પોતાના વિચારોને વ્યક્ત કર્યા હતા. ઠાકોર પોતે તેમના શાળાજીવન દરમિયાન ક્રિકેટ રમતા હતા ; એ રમત તેમણે તેમનાં પાત્રો પાસે "રમણી પ્રફુલ્લ", "ઉગતી જુવાની"માં રમાડી છે ; તેમણે તેમનાં પાત્રો પાસે બીજી રમતો ("રમણી પ્રફુલ્લ"માં ટેનીસની, "નિરુત્તમા"માં હોકીની) પણ રમાડી છે. આપણા દેશમાં સ્ત્રીઓ દાક્તરનો વ્યવસાય મોટી સંખ્યામાં સ્વીકારતી થાય એવી પણ ઠાકોરની એક ઇચ્છા હતી ; તો તેમણે રમણી અને નિરુત્તમાનાં પાત્રોને પણ એ વ્યવસાય તરફ જતાં નિરૂપ્યાં છે. આમ ઠાકોરનાં વિચારવલણો અને ચિંતનનાં પ્રતિબિંબ તેમનાં પાત્રોમાં જોવા મળે છે, એટલું જ નહીં પણ તેમના એક પાત્રનું પ્રતિબિંબ તેમના બીજા કોઇ પાત્રમાં પણ ઝિલાયેલું હોય તેવા યે દાખલા જોવા મળે છે. સમકાલીન વિચારણાપ્રવાહો, પરિસ્થિતિઓ, સમસ્યાઓ પ્રત્યેની અભિજ્ઞતાવાળી ચિંતનશીલ પ્રકૃતિને લીધે ઠાકોરને હાથે તેમનાં વિચારવલણોની રજૂઆત તેમની કૃતિઓમાં થઇ છે ; એવાં વિચારાલેખનો વિષેનું તેમનું દૃષ્ટિબિંદુ કેવું હતું અને એમની કલાકૃતિઓમાં એવાં વિચારાલેખનોનું કલાગત

મૂલ્ય શું છે તેની ચર્ચા આ મહાનિબંધમાં યથાયોગ્ય સ્થાનોએ કરવામાં આવેલી છે.

મહમૂદ તૈમૂર નામના એક અરબી લેખકની એક વાર્તાનો અનુવાદ ડેનિસ જોન્સન ડેવીસ નામના એક અંગ્રેજ લેખકે અંગ્રેજીમાં કર્યો હતો તે પરથી ઠાકોરે "વેરઝેર વિરુધ્ધ હેતપ્રીત"નામની એક વાર્તા ઉદ્ભાવિત કરી હતી તેનો પણ એક કાચો મુસદ્દો તેમના હસ્તલેખો-માંથી મળ્યો છે. ઠાકોરનું ઉદ્ભાવન મૂળ કથાને કથાદૃષ્ટિએ સમૃધ્ધ બનાવે તેવું નથી બની શક્યું કેમકે તેમણે વાર્તાગત કેટલીક વીગતોનાં સ્પષ્ટીકરણ અને વિવરણ આપીને તેમ જ આપણા મધ્યકાલીન કવિઓ, પરકીયા સાથેનો શૃંગાર અને સ્વકીયા સાથેનો શૃંગાર, આપણા અનુભવ અને પારકાના અનુભવની આપણે કરેલી મનોગત અનુભૂતિનું સ્વરૂપ, કલ્પનાપ્રવૃત્તિ, વાસ્તવિકતાનું સ્વરૂપ, શિવરાત્રિ વગેરે વિષયો પરત્વેનાં ઉમેરણો કરીને વાર્તાને વાર્તા તરીકે કથળાવી દીધી છે; વાર્તાને નિમિત્તરૂપ કે દૃષ્ટાંત જેવી બનાવી દઇને માનવવ્યવહાર ચર્ચા અને સાહિત્યતત્ત્વચર્ચાના નિબંધ જેવી કરી નાખી છે.

ઠાકોરના હસ્તલેખોના સંગ્રહમાં દેવકુમારચરિત્ર અને એવી બીજી કેટલીક મધ્યકાલીન કાવ્યકૃતિઓની સાફ નકલો, મુગ્ધાવબોધ ઉપરનાં ટાંચણો (તથા શાકુંતલની મનનિકાનું અધૂરું લખાણ પણ ખરું), તેમ જ જનાર્દનકૃત "ઉષાહરણ"ના પાઠભેદોની (રા. સુ. મોદીની હસ્તપ્રત પરથી તૈયાર કરેલી) નોંધો જેવી અન્ય સામગ્રી પણ જોવા મળે છે. મધ્યકાલીન સાહિત્યકૃતિઓના સંશોધન – સંપાદન માટે ઠાકોરે જે યોજનાઓ ઘડી હતી (જેમની ચર્ચા આ મહા.નિબંધના "સંપાદનો"નામક પાંચમા પ્રકરણમાં કરી છે.) તે અન્વયે તેમણે એ બધું લેખનકાર્ય કર્યું હોવાનું અનુમાની શકાય તેમ છે.

ઠાકોરે "પ્રાથમિક શાળાઓના વર્ગો માટે" એક "ગુજરાતી ભાષાનું સરલ વ્યાકરણ" પણ લખવા માંડ્યું હતું. એ પુસ્તકની "લિપિશુધ્ધિ"નામક "ચોપડી ૧લી"ના "મૂલાક્ષર"નામક પહેલા વિભાગના પહેલા પાઠમાં "સ્વર લઘુ અને દીર્ઘ"ની, બીજા પાઠમાં "દીર્ઘ સ્વર"ની, ત્રીજા પાઠમાં "દીર્ઘ સ્વરમાંના સંયુક્ત સ્વર"ની, ચોથા પાઠમાં "અનુસ્વાર"ની, પાંચમા અને છઠ્ઠા પાઠમાં "મૂલાક્ષર: વ્યંજન"ની સાદી બાલોપયોગી સમજૂતી આપી છે. ઉક્ત પુસ્તકના બીજા વિભાગમાં ઠાકોરે "મૂલાક્ષર અને જોડાક્ષર બારાખડી"ની સમજૂતી આપવાનો ઉપક્રમ રાખ્યો હોય એમ જણાય છે પણ એ વિભાગનું માત્ર થોડુંક જ પ્રારંભિક લખાણ થયેલું જોવા મળે છે. એ વિભાગને આરંભે તેમણે પુસ્તકનો નિર્દેશ "બાલશિક્ષા"ના નામથી કરેલો છે. તેમણે લખવા માંડેલા એક બીજા "સરલ ગુજરાતી વ્યાકરણ" નામક વ્યાકરણપુસ્તકનો પણ એક અધૂરો મુસદ્દો તેમના હસ્તલેખ-સંગ્રહમાં જોવા મળે છે. એના પ્રાસ્તાવિકમાં તેમણે જણાવ્યું છે કે ભરૂચની ખાનગી હાઇસ્કૂલમાં ઇંગ્રેજી ભણાવતાં વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓને જોઇને તેમને સન ૧૮૯૦માં ગુજરાતી વ્યાકરણ લખવાનો વિચાર પહેલીવાર આવ્યો હતો. એ પુસ્તકના સાત ઉપલબ્ધ પાઠો (પ્રકરણો)માં અનુક્રમે "વાક્ય કર્તા ક્રિયાપદ", "કર્મ", "વાક્યોના પ્રકાર (હાવાદી નાવાદી પ્રશ્નવાદી આજ્ઞાવાદી આશીર્વાદી શાપવાદી)", "ક્રિયાના મુખ્યમુખ્ય કાળ ત્રણ", "ધાતુ", "અનુક્ત પદો [વાક્યમાંનાં અધ્યાહાર પદો]", "અક્ષર અને શબ્દ" — એટલા વિષયોની સાદી (ક્યાંક અધૂરી) બાલાવબોધક સમજૂતી અપાયેલી છે. ઉક્ત બંને પુસ્તકો શાળા-મહાશાળાના વિદ્યાર્થીઓ માટે લખાવાં શરૂ થયેલાં એટલે તેમનામાં લેખકનું નવીન દૃષ્ટિકોણો-વાળા અને મૌલિક સંશોધનાધ્યયનશક્તિવાળા શાસ્ત્રકાર તરીકેનું દર્શન થતું નથી. જોકે ઠાકોરે "વાક્યોના પ્રકાર"માં વાક્યોના

કેટલાક નવા પ્રકારો નિર્દેશીને, બધા પ્રકારોનાં નવાં નામ પાડ્યાં છે પણ એ વર્ગીકરણ શાસ્ત્રદૃષ્ટિએ અપૂર્ણ અને અચોક્કસ જણાય છે. ઠાકોરે "નિવેદનાત્મક", "ઉદ્ગારવાચક", "વિધ્યર્થ-વાચક" વાક્યપ્રકારો એમની સૂચિમાં નોંધ્યા નથી તે એ સૂચિની અપૂર્ણતા છે. વળી હકાર ને નકાર નિવેદનમાં યે હોઇ શકે તેમ જ આજ્ઞામાં પણ હોઇ શકે, ઉદ્ગારમાં યે હોઇ શકે અને વિધ્યર્થમાં યે હોઇ શકે. એટલે જે રીતે નિવેદનવાક્ય આજ્ઞાવાક્યથી જુદું પડે તે રીતે નિવેદનવાક્ય કે આજ્ઞાવાક્યથી "હાવાદી" વાક્ય ને "નાવાદી" વાક્ય જુદાં ના પડે. મતલબ કે "હાવાદી" "નાવાદી" વાક્યપ્રકારો નિવેદનવાક્ય, આજ્ઞાવાક્ય વગેરેથી ભિન્ન પ્રકારના વાક્યગુણસ્વરૂપે પડેલા પ્રકારો છે. એટલે કે જે ધોરણ અને જે દરજ્જો નિવેદન, આજ્ઞા વગેરે પ્રકારનાં વાક્યોનાં ગણાય તે ધોરણ, તે દરજ્જો હકારવાચક અને નકારવાચક વાક્યોનાં ના ગણાય. "હાવાદી," "નાવાદી" વાક્યોને ઉક્ત બીજા પ્રકારનાં વાક્યોના પેટામાં લઇ શકાય. વાક્યમાં ઉપયુક્ત ક્રિયાપદના પ્રકારને આધારે આશીર્વાદી અને શાપવાદી વાક્યોને પણ નિવેદન કે આજ્ઞાના વાક્યપ્રકારના પેટામાં મૂકી શકાય. આમ, ઠાકોરે યોજેલી વ્યવસ્થામાં અપર્યાપ્તતા અને અચોક્કસાઇ જણાઇ આવ્યા વગર રહેતી નથી. ઠાકોરનાં કેટલાંક ભાષાશાસ્ત્રીય મતવ્યોની ચર્ચા મેં આ મહાનિબંધના બીજા પ્રકરણમાં કરી છે અને તેમના જોડણીવિષયક વિચારોની ચર્ચા ત્રીજા તથા પાંચમા પ્રકરણમાં કરી છે. એમના હસ્તલેખોના સંગ્રહમાં કેટલુંક ઇતર ભાષાશાસ્ત્રવિષયક અને જોડણીચર્ચાવિષયક લખાણ મળી આવ્યું છે; તેમાં તેમણે, અનુક્રમે, "ઇન્ડોઆર્યન ભાષાઓના વંશાવતાર" વિષે કેટલીક જાણીતી માહિતી આપી છે અને "જોડણીમાં સિદ્ધાન્તો અને વિકલ્પોની વ્યવસ્થા વિષેના તેમના વિચારો દર્શાવ્યા છે.

આ મહાનિબંધમાં, ઠાકોરનાં જીવન અને સાહિત્ય વિષે મારાથી જે કંઇ મૌલિક સંશોધન અને અધ્યયન થઇ શક્યુ છે તેની ઉપસંહારાત્મક વીગતો મેં મારા આવેદનમાં જણાવી છે; તેથી એમની પુનરાવૃત્તિ હું અહીં કરતો નથી. ઠાકોરના જીવન અને સાહિત્યનો વિષય એટલો બધો વ્યાપક છે કે એ વિષય પરત્વે હજી વધુ અભ્યાસને અને મતમતાંતરને ઘણો અવકાશ રહે છે, છતાં મેં મારા કાર્યસ્વરૂપની મર્યાદામાં રહીને એ વિષય પરત્વેના મારા અભ્યાસને રજૂ કરવાનું કાર્ય આ મહાનિબંધમાં યથાશક્તિ કર્યું છે.

---ooo---